## સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-7** | **ગુજરાતી** | **સપ્ટેમ્બર, 2020**

**સમય-1 કલાક** | **કુલ ગુણ:25**

---

**(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. મુદ્દા પરથી વાર્તા, વિવિધ પત્રો તથા નિબંધ લખી શકશે.

**પ્રશ્ન- 1 'સ્વાતંત્ર્ય દિન' વિશે દસ- બાર વાક્યોમાં નિબંધ લખો.** **(05)**

અ.નિ. બિલ, રિસિપ્ટ, રેપર, રિપોર્ટ, મિનિટસ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે અને તેનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન -2 જાહેરાતનું વાંચન કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** **(05)**

**પુસ્તક મેળો**

(મા ગંગાને પુત્રની સ્મરણાંજલિ)

હિન્દી – ગુજરાતી પુસ્તકોનો વિશાળ સંગ્રહ

૨૦૦૦ થી વધુની ખરીદી પર આકર્ષક વળતર

તારીખ : ૨૧/૧૧/૧૯ થી ૨૬/૧૧/૧૯

સ્થળ : શ્રીરંગ ભવન, ભાઈકાકા માર્ગ, રામપુર

સમય : ૯:૦૦ થી ૬:૦૦

વિભાગ – ૧ : ધર્મ, રાજકારણ, પર્યાવરણ, ખેલજગત

વિભાગ – ૨ : હિન્દી-ગુજરાતી સર્જકોની પ્રસિદ્ધ કૃતિઓ, નવલકથા

વિભાગ – ૩ : બાળસાહિત્ય, સાહસકથા,યોગ, સ્પર્ધાત્મક પરીક્ષા સાહિત્ય

આયોજક : પ્રો.વદનકુમાર ઉપાધ્યાય

(૧) પુસ્તક મેળાનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?

અ રંગીન હોલમાં    બ સ્વગૃહે    ક. જાહેર સ્થળે    ડ મંદિરમાં

(૨) પ્રો. વદનકુમારે પુસ્તક મેળાનું આયોજન કર્યું કારણ કે.......

અ. તેમના ઘરમાં પુસ્તકો ખૂબ વધી ગયાં હતાં.

બ. પુસ્તક વાંચનનો શોખ ધરાવતાં બાની સ્મૃતિ માટે.....

ક. પુસ્તક વેચવાનો તેમનો પેઢીગત વ્યવસાય હતો.

ડ. વતન છોડી હંમેશ માટે વિદેશ જતા હતા.

(૩) આપેલ શબ્દો માટેના ગુજરાતી શબ્દો જાહેરાતમાંથી શોધીને લખો :

ડિસ્કાઉન્ટ, કલેકશન, ફેમસ

(૪) વદનભાઈના મિત્ર હિંદીના અધ્યાપક છે તેઓને કયા વિભાગમાં વધારે રસ પડશે?

(૫) નીચેમાંથી જે પુસ્તકો એક જ વિભાગમાં સામેલ ના હોય તે વિકલ્પ શોધીને લખો.

અ. બાળસાહિત્ય - પર્યાવરણ　　　　બ. ખેલજગત - રાજકારણ

ક. પરીક્ષાલક્ષી સાહિત્ય - યોગ　　　　ડ. નવલકથા - સાહસકથા

(૧) અ અને બ　　(૨) ક અને ડ　　(૩) બ અને ક　　(૪) અ અને ડ

અ.નિ. સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાક્યના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ સહિત વ્યાવહારિક વ્યાકરણના ઉદાહરણનો ઉપયોગ કરી શકશે..

**પ્રશ્ન : 3　આપેલાં વિધાનો માટેના જવાબ કૌંસમાં આપેલ વિકલ્પોમાંથી શોધીને લખો.** **(05)**

( તરિયાતોરણ, સલૂન, કલદાર, જીવનપાથેય, શોફર, શિષ્યવૃત્તિ, ઢેફાં, નેવાં, અનંત, પરિગ્રહ)

1. અંગત ઉપયોગમાં આવતો ડ્રાઇવર
2. જરૂરી ન હોય તેવું વાપરવા માટે ભેગું કરવું
3. તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી આર્થિક રકમ
4. ચાંદીનો રણકારવાળો સિક્કો
5. જીવન ઉપયોગી ભાથું
6. સૂકી માટીના મોટા ગાંગડા
7. છાપરાના છેડા ઉપરનાં નળિયાં જેમાંથી પાણી બહાર પડે છે
8. ત્રણ જાતનાં પાનનું તોરણ
9. જેનો કોઈ છેડો કે અંત નથી તે
10. ઘરના જેવી સગવડવાળો રેલગાડીનો ખાસ ડબ્બો

અ.નિ. યોગ્ય મરોડ સાથે બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વિરામચિહ્નો તથા માન્ય જોડણી સાથે લેખન કરશે તેમજ પોતાના વિચારો લેખનમાં વ્યક્ત કરી શકે છે.

**પ્રશ્ન :4　વિરામચિહ્નો મૂકી ફકરો ફરીથી લખો** **(05)**

ખાવાનું તો ભાઈ લાવે ત્યારે પણ એ ગયો ક્યાં ક્યારનો ગયો છે

પાછળથી લારીવાળાનો હટો ભાઈ હટોનો અવાજ આવતાં હું એક તરફ ખસ્યો ને શિંગોડાવાળાના એક જ જાતના સ્વરોની વચ્ચે થઈ પગથી પર ચડી ગયો

અ.નિ. જોયેલી, સાંભળેલી કે વાંચેલી સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખી શકે છે

**પ્રશ્ન : 5　નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો**

1. પરીક્ષામાં ચિંતામુક્ત રહેવા તમે શું શું પ્રયત્નો કરશો? પરીક્ષામાં ચિંતા કરવાથી કે ગભરાઈ જવાથી શું નુકસાન થાય છે? (02)
2. ગાંધીજીના કરકસરના ગુણને સમજાવો. (02)
3. 'હરામનું ધન' એટલે કેવું ધન? (01)